# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજોમાળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

:-suratdeo@gmail.com  -૦૨૬૧-૨૬૬૨૯૦૨

web :-www.suratdeo.org


જા.નં.મા-૨/૨૦૨૬/૮૪૫૩  તા.૧૯/૦૬/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ, સુરત, જિ.સુરત

**વિષય:** ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ – ૨૦૨૬ ની ઉજવણી બાબત.
**સંદર્ભ:** પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રાજ્ય,ગાંધીનગરના પત્ર ક્રમાંક:
DPE/SKL/e-file/105/2026/3114/Sankalan તા. ૧૯/૦૬/૨૦૨૬

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે તા. ૨૧/૦૬/૨૦૨૬ ના રોજ સમગ્ર દેશમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (International Day of Yoga - IDY 2026) ની ઉજવણી કરવામાં આવનાર છે, આ વર્ષનો યોગ દિવસનો મુખ્ય વિષય **"<u>સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ</u> (Yoga for Healthy Ageing)"** રાખવામાં આવેલ છે. આયુષ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ Common Yoga Protocol (CYP) અનુસાર વિવિધ સ્થળોએ સામૂહિક યોગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના વ્યાપક પ્રચાર-પ્રસાર તથા સફળ અમલીકરણ માટે જિલ્લાની તમામ શાળાઓએ સક્રિય સહભાગિતા સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. આ અંગે તમામ શાળાઓને નીચે મુજબની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે:

1. તા. ૨૧/૦૬/૨૦૨૬ ના રોજ શાળા કક્ષાએ વિશેષ યોગ સત્રનું આયોજન કરવું.
2. વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ, SMC સભ્યો, વાલીઓ, NCC/NSS સ્વયંસેવકો તથા સ્થાનિક સમુદાયની મહત્તમ ઉપસ્થિતિ સુનિશ્ચિત કરવી.
3. સદર માહિતી દરેક શાળાઓએ સવારે ૯:00 કલાક સુધીમાં નીચેની વિગતેની લિંકમાં ભરી દેવાની રહેશે.
4. યોગ દિવસ અંગે જાગૃતિ લાવવા માટે શાળામાં વિવિધ પ્રચાર-પ્રસાર પ્રવૃત્તિઓ હાથ ધરવી.

ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરી ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સફળતાપૂર્વક કરવામાં આવે તે માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

લિંક:https://docs.google.com/spreadsheets/d/1tUkF99Z1Jl1la7WtL2Px_kFGBPwUUvtMwJwX3gqznh0/edit?usp=drivesdk

બિડાણ: સંદર્ભિત પત્ર મુજબ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક: DPE/SKL/e-file/105/2026/3114/Sankalan
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર.

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ ની ઉજવણી કરવા બાબત.
**સંદર્ભઃ-** (૧) શિક્ષા મત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હીનો પત્ર ક્રમાંકઃ- 29-2/2025-S&S તા.૧૨/૦૬/૨૦૨૬, તા.૧૨/૦૫/૨૦૨૬ અને તા.૦૫/૦૬/૨૦૨૬

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (International Day of Yoga - IDY) સમગ્ર વિશ્વમાં તા.૨૧/૦૬/૨૦૨૬ ના રોજ ઉજવવામાં આવનાર છે. અગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ આયુષ મંત્રાલય (M/o AYUSH) ના કોમન યોગા પ્રોટોકોલ (CYP) અનુસાર દેશભરના વિવિધ સ્થળોએ સામૂહિક યોગ પ્રદર્શન યોજાશે. IDY 2026ની થીમ "સ્વસ્થ વૃધ્ધાવસ્થા માટે યોગ" (Yoga for Healthy Ageing) છે. ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા પશ્ચિમ બંગાળના કોલકાતા શહેરથી સવારે ૬.૩૦ વાગ્યે યોગ સંગમ કાર્યક્રમ અંતર્ગત થનાર સંબોધન નિહાળવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે અને ત્યારબાદ CYP માં સમન્વિત રીતે ભાગ લેવાય તે માટે જરૂરી આયોજન કરવાનું રહેશે.

આ કાર્યક્રમની ઉજવણી અને પ્રચાર પ્રસાર માટે આયુષ મંત્રાલયે IDY 2026 સંબંધિત પ્રારંભિક પ્રચાર સામગ્રી (લોગો, બેકડ્રોપ, સંદર્ભ સામગ્રી તેમજ સોશિયલ મીડિયા માટેના વિડિયો, બેનર અને ઇન્ફોગ્રાફિક્સ) ધરાવતી Google Drive લિંક તૈયાર કરી છે અને શેર કરી છે. આ સામગ્રી આપના તાબા હેઠળની તમામ શાળાઓ/સંસ્થાઓમાં કાર્યક્રમના પ્રચાર પ્રસાર માટે પ્રસારિત કરવાની રહેશે. આ સામગ્રી નીચેની લિંક પર ઉપલબ્ધ છે.

**https://drive.google.com/drive/folders/1iRmU2qPHn0mjxGQyUYPJIX3Bt1oBliMe**

આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, NCC/NSS સ્વયંસેવકો, વાલીઓ તથા સ્થાનિક સમુદાય યોગ દિવસની ઉજવણીમાં સક્રિયપણે ભાગ લે તે માટે પ્રોત્સાહિત કરવા તથા નાગરિકોમાં આરોગ્ય, સૌહાર્દ અને માનસિક જાગૃતિ (Mindfulness) ને પ્રોત્સાહન આપવાનો છે. તેઓ તા.૨૧/૦૬/૨૦૨૬ ના રોજ યોજાનારા વિશેષ યોગ સત્રમાં ભાગ લઈને યોગ સંગમ (Yoga Sangam) માં મહત્તમ ભાગીદારી કરે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. તમામ શાળાઓ યોગ સંગમ પોર્ટલ ઉપર (https://yoga.ayush.go.in/yoga-sangam) ઉપર પોતાની શાળા/સંસ્થાની નોંધણી કરાવે તે અંગેની જાણ જિલ્લા કક્ષાએથી કરવાની રહેશે.

૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કાર્યક્રમમાં સર્વશ્રેષ્ઠ ભાગીદારી માટે તમામ સરકારી, ગ્રાન્ટેડ ખાનગી શાળાઓએ ૨૧ જૂન ૨૦૨૬ના રોજ સવારે સ્પેશીયલ યોગ સેશનનું આયોજન કરી તેમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ, NCC/NSS સ્વયંસેવકો, વાલીઓ તથા સ્થાનિક સમુદાય વ્યાપક ભાગીદારી નોંધાવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ કાર્યક્રમના સફળ આયોજન માટે આપના જિલ્લાના વર્ગ- ૦૨ ના અધિકારીશ્રીની નોડલ અધિકારી

તરીકે નિમણૂંક કરવાની રહેશે તેમજ કાર્યક્રમમાં ભાગ લીધેલ શાળાઓ, વિદ્યાર્થીઓ તથા અન્ય વિગતો નીચે જણાવેલ ગુગલ એકસલ શીટમાં સત્વરે ભરવાની રહેશે.

ગુગલ એકસલ શીટની લીંકઃ-
https://docs.google.com/spreadsheets/d/1muqg5xSD1EFBidhQ_QtlNKyUy6MHUbxWN-Sc4PufyPk/edit?usp=sharing

ઉકત બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આજ્ઞાનુસાર વિનંતી છે

નોંધ પર વહીવટી અધિકારીશ્રી ની મંજુરી મુજબ

બિડાણઃ- ઉપર મુજબ

(ડૉ. એ.જે.પીપળીયા)
શ્રેયાન અધિક્ષક
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
ગુ. રા. ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ-
- સેકશન અધિકારીશ્રી, વ.ર શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર